પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની કચેરી,.
વિશેષ શાખા શાહીબાગ, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email: Spl1-ahd@gujarat.gov.in

# "જાહેરનામું"

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે જાહેર હુકમ

નંબર-વિ.શા/ એ-સેકશન /જાહેરનામું/૨૪/ ૨૦૨૨. તા.૨૮/૦૨/૨૦૨૨

વંચાણે લીધા:-ગુજરાત સરકાર ગૃહ વિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૨૮/૦૨/૨૦૨૨ આધારે.

રાજયમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતીની સમિક્ષા કરી ગૃહ વિભાગના તા.૨૪/૦૨/૨૦૨૨ હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ /૧૦૨૦૨૦/૪૮૨ થી સમગ્ર રાજ્યમાં તા.૦૧.૦૩.૨૦૨૨ સુધી કેટલાક નિયંત્રણો અમલમાં મુકવામાં આવેલ છે. સરકારશ્રીના ઉપરોક્ત આદેશ અન્વયે અત્રેના પત્ર ક્રમાંકઃ- વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ ૨૩/ ૨૦૨૨ તા.૨૫/૦૨/૨૦૨૨ થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

ત્યારબાદ, રાજય સરકાર ગૃહ વિભાગના તા.૨૮.૦૨.૨૦૨૨ ના હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ ના આદેશથી રાજયમાં પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા અને પુખ્ત વિચારણા બાદ ગૃહ વિભાગના તા.૨૪/૦૨/૨૦૨૨ હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ /૧૦૨૦૨૦/૪૮૨ થી અમલમાં મુકવામાં આવેલ તમામ નિયંત્રણો દૂર કરવામાં આવે છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/ એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે COVID-19 ના સંક્રમણને ધ્યાને લઇ લોકોના જાહેર સ્વાસ્થ્ય અને જાહેર જનતાના હિતમાં નીચે મુજબ અમલ થવા આદેશ ફરમાવુ છુ.

- કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫.૦૨.૨૦૨૨ ના હુકમ ક્રમાંક: **No.40-3/2020-DM-I(A)** થી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના **National Directives for Covid-19**નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1) **Face Covering : Wearing of face cover is Compulsory in public place, work places; and during transport.**
2) **Social Distancing : Individuals must maintain an adequate distance in public places and work places.**
3) **Spitting in public place will be punishable with fine as per existing laws, rules or regulations.**
4) **Screening & hygiene :Provisions for hand wash or sanitizer will be made at work places.**
5) **Ventilation : In closed places, proper ventilation should be ensured.**

## -:અમલવારીનો સમય તથા વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૧/૦૩/૨૦૨૨ના કલાક ૦૦/૦૦થી તા.૩૧/૦૩/૨૦૨૨ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

## -:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ **The EPIDEMIC DISEASES Act 1897** અન્વયે **'THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020'** ની જોગવાઇઓ, **'THE INDIAN PENAL CODE'-1860** ની કલમ 188 તથા **'THE DISASTER MANAGAMENT ACT'**ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ સોશિયલ મીડીયા એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે **THE EPIDEMICDISEASES ACT-1897** અન્વયે **THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION,2020** ની જોગવાઇઓ, **THE INDIAN PENAL CODE-1860** ની કલમ 188 તથા **THE DISASTER MANAGAMENT ACT-2005** ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૨/૨૦૨૨ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-03, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી,સીટીસિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય)મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ રીજીયન અમદાવાદ.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પોલીસ ઈન્સપેક્ટરશ્રી,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૫) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website )ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)